Monday
27.03.2023
*Volume :7 * Issue No.237
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી મોદીએ કરી 'મન કી બાત', દીવ અને 'સૌરાષ્ટ્રી તમિલ'નો ખાસ કર્યો ઉલ્લેખ



કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે મન કી બાત કરી. પીએમ મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૯૯માં એપિસોડને સંબોધિત કર્યું. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં પરમાર્થને એટલું ઉપર રાખવામાં આવ્યું છે કે બીજાના સુખ માટે, લોકો પોતાનું સર્વસ્વ દાન કરવામાં પણ સંકોચ કરતા નથી. આથી તો આપણને બાળપણથી શિવિ અને દધિચિ જેવા દેહદાનીઓની ગાથાઓ સંભળાવવામાં આવે છે. આધુનિક મેડિકલ સાયન્સના આ દૌરમાં Organ Donation કોઈને જીવન આપવામાં એક ખુબ મોટું માધ્યમ બની ચૂક્યું છે. એવું કહેવાય છે કે જ્યારે એક વ્યક્તિ મૃત્યુ બાદ પોતાનું શરીર દાન કરે છે તો તેનાથી ૮થી ૯ લોકોને એક નવું જીવન મળવાની સંભાવના બને છે. પીએમ મોદીએ કહ્યું કે સંતોષની વાત એ છે કે આજે દેશમાં ઓર્ગનડોનેશન પ્રત્યે જાગૃતતા વધી રહી છે. વર્ષ ૨૦૧૩માં આપણા દેશમાં અંગદાનના ૫ હજારથી પણ ઓછા કેસ હતા, પરંતુ ૨૦૨૨માં આ સંખ્યા વધીને ૧૫ હજારથી વધુ થઈ ગઈ. અંગદાન કરનારા વ્યક્તિઓએ, તેમના પરિવારે, ખરેખર ખુબ પુણ્યનું કામ કર્યુ છે. પીએમ મોદીએ કહ્યું કે ૩૯ દિવસના અબાબત કૌર હોય કે પછી ૬૩ વર્ષના સ્નેહલતા ચૌધરી તેમના જેવા દાનવીર, આપણને જીવનનું મહત્વ સમજાવીને જાય છે. આપણા દેશમાંઆજે મોટી સંખ્યામાં એવા જરૂરિયાતવાળા લોકો છે જે સ્વસ્થ જીવનની આશામાં કોઈ ઓર્ગન ડોનેટ કરનારાઓની રાહ જુએ છે. મને સંતોષ છે કે અંગદાનને સરળ બનાવવા અને પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર દેશમાં એક જેવી પોલીસી ઉપર પણ કામ થઈ રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે આ નવરાત્રિનો સમય છે, શક્તિની ઉપાસનાનો સમય છે. આજે ભારત જે સામર્થ્ય નવેસરથી નીખરીને સામે આવી રહ્યું છે, તેમાં ઘણી મોટી ભૂમિકા આપણી નારી શક્તિની છે. હાલમાં એવા કેટલાય ઉદાહરણ આપણી સામે આવ્યા છે. તમે સોશિયલ મીડિયા પર એશિયાના પહેલા મહિલા લોકો પાયલટ સુરેખા યાદવને જરૂર જોયા હશે. સુરેખા એક નવો વિક્રમ બનાવતા વંદે ભારત એક્સપ્રેસના પણ પહેલા લોકો પાયલટ બની ગયા છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે સોલર એનર્જીના ક્ષેત્રમાં જે ઝડપથી આગળ વધી રહ્યું છે તે પોતાનામાં એક મોટી ઉપલબ્ધિ છે. ભારતના લોકો સદીઓથી સૂર્યથી વિશેષ રીતે નાતો ધરાવે છે. આપણા ત્યાં સૂર્યની શક્તિને લઈને જે વૈજ્ઞાનિક સમજ રહી છે, સૂર્યની ઉપાસનાની જે પરંપરાઓ રહી છે તે અન્ય જગ્યાઓ પર બહુ ઓછી જોવા મળે છે. બધાનો પ્રયાસ... એ જ સ્પીરિટ આજે ભારતના સોલર મિશનને આગળ વધારી રહી છે. દીવ વિશે ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે દમણ-દીવમાંથી જે દીવ છે કે જે એક અલગ જિલ્લો છે, ત્યાંના લોકોએ પણ એક અદભૂત કામ કરીને બતાવ્યું છે. તમે જાણતા હશો કે દીવ સોમનાથ પાસે છે. દીવ ભારતનો પહેલો એવો જિલ્લો બન્યો છે જે દિવના સમયે પણ તમામ જરૂરિયાતો માટે ૧૦૦ ટકા ક્લિન એનર્જીનો ઉપયોગ કરે છે. દીવની આ સફળતાનો મંત્ર પણ બધાનો પ્રયત્ન જ છે. એક સમયે અહીં વીજળી ઉત્પાદન માટે સંસાધનો અંગે પડકાર હતો. લોકોએ આ પડકારના સમાધાન માટે સોલર એનર્જીને પસંદ કરી. અહીં ઉજ્જડ જમીન અને અનેક બિલ્ડિંગ્સ પર સોલર પેનલ લગાવવામાં આવી. આ પેનલ્સથી દીવમાં દિવસના સમયે જેટલી વીજળીની જરૂર હોય છે તેનાથી વધુ વીજળી પેદા થઈ રહી છે. આ સોલર પ્રોજેક્ટથી વીજળી ખરીદી પર ખર્ચ થનારા લગભગ ૫૨ કરોડ રૂપિયા પણ બચ્યા છે. તેનાથી પર્યાવરણની પણ મોટું રક્ષણ થયું છે. પુણેનો પણ આ મામલે તેમણે ઉલ્લેખ કર્યો અને કહ્યું કે પુણે અને દીવે જે કરીને દેખાડ્યું છે આવા જ પ્રયત્નો દેશભરમાં અનેક અન્ય જગ્યાએ પણ થઈ રહ્યા છે. પીએમ મોદીએ પુણે વિશે કહ્યું કે અહીં MSR-ઓલિવ હાઉસિંગ સોસાયટીના લોકોએ નક્કી કર્યું કે સોસાયટીના પીવાના પાણી, લિફ્ટ અને લાઈટ જેવી સામૂહિક ઉપયોગની ચીજો હવે સોલર એનર્જીથી જ ચલાવવામાં આવશે. ત્યારબાદ આ સોસાયટીના બધા લોકોએ મળીને સોલર પેનલ લગાવી. આજે આ સોલર પેનલથી દર વર્ષે લગભગ ૯૦ હજાર કિલોવોટ અવર વીજળી પેદા થાય છે. તેનાથી દર મહિને લગભગ ૪૦,૦૦૦ રૂપિયાની બચત થાય છે. આ બચતનો લાભ સોસાયટીના તમામ લોકોને થઈ રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના આપણા દેશને મજબૂતી આપે છે. આપણે જ્યારે એક બીજા વિશે જાણીએ છીએ, શીખીએ છીએ તો એક્તાની આ ભાવના વધુ ગાઢ બને છે. તેમણે કહ્યું કે એક્તાની આ જ સ્પિરીટ સાથે આગામી મહિને ગુજરાતના વિવિધ ભાગોમાં 'સૌરાષ્ટ્ર-તમિલસંગમમ' થવા જઈ રહ્યો છે. 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ' ૧૭થી ૩૦ એપ્રિલ સુધી ચાલશે. પીએમએ કહ્યું કે સદીઓ પહેલા સૌરાષ્ટ્રના અનેક લોકો તમિલનાડુના અલગ અલગ ભાગોમાં જઈને વસી ગયા હતા. આ લોકો આજે પણ સૌરાષ્ટ્રી તમિલના નામે ઓળખાય છે.

# અમદાવાદ ખાતે નહેરુ યુવા કેન્દ્ર અને આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુવા ઉત્સવ - ૨૦૨૩ કાર્યક્રમ યોજાયો

## ભારત જ્યારે G-20નું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે યુવાનોએ પણ તેમાં ભાગીદાર થઇ તેમના કૌશલ્ય થકી દેશને વધુ પ્રગતિશીલ બનાવવો જોઈએ: મેયરશ્રી કિરીટભાઈ પરમાર





### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ શિક્ષણ અને કૌશલ્યની વિવિધ યોજનાઓ થકી યુવાનોને પ્રોત્સાહિત કર્યા છેઃ મેયર શ્રી

કમલમ્ ન્યુઝ,
ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય અંતર્ગત આવેલ નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ અને શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુવા ઉત્સવ-૨૦૨૩નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમ દ્વારા યુવાનોમાં રહેલ કળા-કૌશલ્ય બહાર આવશે અને તેઓના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવા આશયથી શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તે બદલ તેમણે શુભેચ્છાઓ પાઠવું છું. સાથે જ વિવિધ સ્પર્ધાઓ ભાષણ, ચિત્રકળા, મોબાઈલ ફોટોગ્રાફી, કવિતા લેખન અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ કાર્યક્રમની શોભા વધારી છે જેનો ખૂબ જ આનંદ થઈ રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મેયરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આ વિવિધ સ્પર્ધાઓમાં અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે તે બદલ તેમને અને તેમના માતા-પિતાઓને શુભેચ્છાઓ પાઠવું છું. યુવાનોએ પોતાનું કૌશલ્ય પ્રગટ કરવા આવી અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લેવો જ જોઈએ અને તેઓના ઉત્સાહમાં વધારો કરવા ભારત સરકાર અને ગુજરાત સરકાર કટિબદ્ધ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ વિવિધ યોજનાઓ થકી ગુજરાત અને ભારતના યુવાનોને દેશ-વિદેશમાં પોતાના કૌશલ્ય થકી ઓળખ પ્રસ્થાપિત કરવા અનેક પ્રયત્નો કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભારત જ્યારે G-20નું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે યુવાનોએ પણ તેમાં ભાગીદાર થઈ તેમના કૌશલ્ય થકી દેશને વધુ પ્રગતિશીલ બનાવવો જોઈએ. અંતે તેઓએ વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.સાથે સાથે આ કાર્યક્રમ દરમ્યાન સરકારશ્રીની વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર હેતુ વિવિધ સ્ટોલની મુલાકાત પણ લીધી હતી. આ યુવા ઉત્સવ કાર્યક્રમમાં શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ટ્રસ્ટી શ્રી ડૉ. સૌરભભાઈ પટેલ, પ્રિન્સિપાલ શ્રી આઈ. બી. ઐયર, નહેરુ યુવા સંગઠન ગુજરાતના નિયામક શ્રીમતી મનીષાબેન શાહ, અમદાવાદ જિલ્લા યુવા અધિકારી શ્રી મહેશ રાઠવા અને કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં દિવ્યાંગજનોને સાધનસહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

## ૧૫૧૦ દિવ્યાંગજનોને એડીપ યોજના હેઠળ રૂ.૧૮૫ લાખના સહાયક ઉપકરણોનું વિનામૂલ્યે વિતરણ



કમલમ્ ન્યુઝ,વડોદરા,
કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા સમાજ સુરક્ષા સંકુલ વડોદરા ખાતે વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણભાઈ શુકલા, મેયરશ્રી નિલેશ રાઠોડ અને સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની ઉપસ્થિતિમાં દેશવ્યાપી 'સામાજિક અધિકારિતા શિબિર'ના ભાગરૂપે સાધનસહાય વિતરણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૫૧૦ દિવ્યાંગજનોને એડિપ યોજના હેઠળ વિવિધ રૂ.૧૮૫ લાખના સહાયક ઉપકરણોનું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દિવ્યાંગોજનોને વિનામુલ્યે ટ્રાઈસિકલ, હિયરિંગ એઈડ, મોબાઈલ ફોન, ફોલ્ડીંગ વ્હીલચેર, વોકીંગ સ્ટીક, બ્રેલ કીટ, બીટીપી સાંભળવાનું મશીન, બ્રેલ કેન, રોલેટર, બ્રેઈલ કિટ્સ, કૃત્રિમ અંગો અને કેલિપર્સનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર પ્રાંત અધિકારી જે.જે.પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મયંક ત્રિવેદી, સમાજ સુરક્ષા પ્રોજેકટ મેનેજર મુકેશભાઈ મોદી, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શંકરભાઈ ત્રિવેદી, શ્રીજલા કેળવણી મંડળના શૈલેષભાઈ પંચાલ સહિત દિવ્યાંગજનો ઉપસ્થિત રહ્યા હતા.







કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમ અન્વયે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના યુવા મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે શ્રેયસ સોસાયટી, સેકટર ૨૨ ખાતે શહેર ભાજપ મીડિયા કન્વીનર તેમજ પ્રદેશ ભાજપ ટીવી ડિબેટ ટીમના સભ્ય કલ્પ પટેલના નિવાસસ્થાને 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

રાજ્યની તમામ જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપેલી સુચના અંતર્ગત તેમના માર્ગદર્શન હેઠળ ગઈ કાલે મોડી સાંજે ગાંધીનગર પોલીસ ભવન સ્થિત ડીજીપી ઓફિસ ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ એક મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાના પોલીસ વડા તથા તમામ જેલના વડાઓ ઓનલાઈન જોડ્યા બાદ રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે મેગા સરપ્રાઈઝ ચેકીંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જિલ્લાના પોલીસ વડાની આગેવાનીમાં સંબંધિત જિલ્લાની પોલીસની ટુકડીઓ સાથે તમામ જેલોમાં આ ગુજરાત પોલીસની ટુકડીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા સાથે અત્યારે સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કર્યું હતું. રાતભર ચાલેલા આ ઓપરેશનની પળે પળની માહિતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મેળવી સતત જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ. રાજયની મહત્વની જેલો પૈકી સાબરમતી જેલ (અમદાવાદ), વડોદરા જેલ, રાજકોટ જેલ અને લોજપોર જેલ (સુરત) મળી ૪ મધ્યસ્થ જેલ ઉપરાંત ૧૧ જીલ્લા જેલ અને પાલારા તેમજ ગળપાદર (કચ્છ)ની ખાસ જેલ મળી કુલ ૧૭ જેલોમાં પોલીસ તંત્રની અલગ અલગ ટીમ બનાવી ઓચિંતી ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના મુખ્યમંત્રીશ્રીના સીધા સુપરવિઝન હેઠળ રાત્રે તમામ જેલોમાં એક સાથે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું તે પૈકી મોટી જેલોમાં સવાર સુધી સર્ચ ચાલ્યું હતું. રાજયની જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓની બદી નેસ્ત નાબુદ કરવાની આ મુહીમ અંતર્ગત સમગ્ર મેગા સર્ચ ઓપરેશન દરમિયાન ૧૬ મોબાઈલ, ૧૦ ઈલેકટ્રીક ચીજવસ્તુ, ૩૯ ઘાતક વસ્તુઓ, ૫૧૯ ધુમ્રપાનને લગતી વસ્તુઓ અને ૩ માદક પદાર્થો મળી આવ્યા છે. નોંધનીય બાબત છે કે, સમગ્ર દેશમાં કદાચ સૌ પ્રથમ વાર રાજ્યભરની જેલોમાં એક સાથે મેગા સરપ્રાઈઝ ચેકીંગ થયાની ઘટના બની હશે, જેમાં ૧૭૦૦ જેટલા પોલીસ અધિકારી- કર્મચારીઓ એક સાથે સર્ચ ઓપરેશનમાં જોડાયા હોય. તેમાં પણ ખાસ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સી.એમ ડેશબોર્ડ ખાતેથી સમગ્ર સરપ્રાઈઝ ચેકીંગનું નિરીક્ષણ કરતા હોય ને પળે પળની ઓપરેશન સંબંધિત અપડેટ મેળવતા હોય. એટલું જ નહિ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ ગૃહ વિભાગ તથા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર - ત્રિનેત્ર ખાતેથી રાજયની તમામ જેલમાં ચાલી રહેલા આ સરપ્રાઈઝ ચેકિંગનું લાઈવ મોનીટરીંગ કરી રહ્યા હોય. રાજયની દરેક જેલમાંથી જેલ પ્રતિબંધિત વસ્તુઓની બદી નેસ્ત નાબૂદ કરવા માટે કડક કામગીરી હાથ ધરવા ઉપરાંત રાજ્યની તમામ જેલોમાં માનવ ગરિમા જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાનું સુચારુ પાલન થાય તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત જેલમાં રહેલા કેદીઓને મળવાપાત્ર તમામ જરૂરી સુવિધાઓ યોગ્ય રીતે મળી રહે તે સુનિશ્ચિત કરવા આ મેગા સરપ્રાઈઝ ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન માનવીય અભિગમ રાખી કેદીઓ સાથે વાર્તાલાપ કરી પોલીસની ટીમો દ્વારા તેમનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવ્યું હતું.








# અમદાવાદમાં નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સીટીની ડ્રોન મંત્રા લેબનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજી નો અમદાવાદમાં પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશા દર્શનમાં ગુજરાતે દરેક ક્ષેત્રે ટોપ પર રહેવાનો અને આગળ વધવાનો સફળ પ્રયાસ હંમેશા કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિજ્ઞાન અને ટેકનોલોજીનો લાભ છેવાડાના અને સામાન્ય માનવીને ઉપલબ્ધ થાય તે માટે આહવાન કર્યું છે તેને ગુજરાત ઝિલી લેવા સજ્જ છે. એટલું જ નહીં સમયાનુકૂળ ટેકનોલોજીના માધ્યમથી યુવાનોને રોજગારી મળે, સ્કીલીંગની નવી તકો મળે તેવા અભ્યાસક્રમો, વ્યવસાયલક્ષી શિક્ષણને પણ રાજ્ય સરકાર પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટીના ઉપક્રમે આયોજિત નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજીનો પ્રારંભ તેમજ ડ્રોન મંત્રા લેબના ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરી રહ્યા હતા. તેમણે ઉમેર્યુ કે, ડ્રોન ટેકનોલોજી એવું વિકસી રહેલું ક્ષેત્ર છે જેમાં વિપુલ સંભાવનાઓ પડેલી છે. રાજ્ય સરકારે તેને પ્રોત્સાહન આપવા કૌશલ્યા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ડ્રોન મારફતે વિવિધ તાલીમ પણ શરૂ કરવાનું આયોજન કર્યું છે. આ માટે ડ્રોન પાયલોટ ટ્રેનિંગ - ડ્રોન તાલીમ રાજ્યની ૫૦ જેટલી આઈ.ટી.આઈ માં મળી શકે તેવી વ્યવસ્થા કરી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલેજણાવ્યું કે, ડ્રોન ટેકનોલોજીનો વ્યાપ ખેતર થી લઈને ખેલના મેદાન સુધી અને જરૂરિયાતના સમયે આપાતકાલીન વેળાએ લાઈફ સેવિંગ સુધી વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં વિસ્તર્યો છે. તેમણે કહ્યું કે, એક સમય હતો કે વિશ્વમાં કોઈ ટેકનોલોજી કે નવીન સંશોધન થાય તે ભારતમાં લાંબા સમય પછી આવતા હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ વિજ્ઞાન ટેકનોલોજી માં એવી સજ્જતા દેશમાં કેળવી છે કે તરત જ અદ્યતન ટેકનોલોજી આપણે ત્યાં પણ વિદેશો સાથે જ આવી જાય છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે કોરોના કાળમાં ભારતે વિકસાવેલી સ્વદેશી વેકસીનનો આ સંદર્ભમાં વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ડ્રોન દૂર-દરાજના વિસ્તારોમાં સેવાઓની ડોર સ્ટેપ ડિલિવરીનું માધ્યમ બન્યું છે. ટુરિઝમ, ડિઝાસ્ટર, મીડિયા સહિત સર્વેલન્સ અને રિસર્ચના ક્ષેત્રે પણ ડ્રોન ટેકનોલોજીના ઉપયોગની વિશાળ તકો છે. તેમણે કહ્યું કે, ખેડૂતના ખેતરમાં દવા છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરવાની પહેલ પણ ગુજરાતી કરી છે. આ કોન્ફરન્સમાં ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સચીવ શ્રી અતુલકુમાર તિવારીએ જણાવ્યું હતું કે, ૨૦૩૦ સુધી ભારતને ગ્લોબલ ડ્રોન હબ બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. શ્રી તિવારીએ કહ્યું હતુ કે, ગુજરાત હંમેશાથી અગ્રગણ્ય રાજ્ય રહ્યું છે. કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સીટીથી ડ્રોન ક્ષેત્રે અભૂતપૂર્વ કામ થશે. જેના થકી બીજા રાજ્યોમાં પણ અમે ડ્રોન ક્ષેત્રને વિકસાવવા અને ડ્રોન પોલિસી લાવવામાં મદદરૂપ થશે. તેમણે ઉમેર્યું હતું કે, હું ગુજરાત સરકારનો આભારી છું કે, આજની નેશનલ કોન્ફરન્સ ઓન ડ્રોન ટેકનોલોજીમાં મને સહભાગી થવાનું નિમંત્રણ આપ્યું. આ કોન્ફરન્સના માધ્યમથી અમને પણ ઘણા સૂચનો મળશે જેના પર અમે આગામી સમયમાં કામ કરી શકીશું. આ કોન્ફરન્સમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડો.અંજુ શર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન ભારતને ડ્રોન હબ બનાવવાનું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત સમગ્ર દેશમાં ડ્રોન ટેકનોલોજીનું કેપિટલ બને તે દિશામાં અમે કાર્યરત છીએ. વધુમાં તેમણે કહ્યું કે, ડ્રોન ક્ષેત્રે મુખ્યમંત્રીશ્રીનું સતત માર્ગદર્શન અને સહકાર મળતો રહ્યો છે.

# મુન્દ્રા તાલુકાના રતાડીયા અને લુણી ગામે ગણેશ મંદિરે માનવ મહેરામણ ઉમટ્યું




કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

ચૈત્ર સુદ ચોથના દિવસે મુન્દ્રા તાલુકાના રતાડીયા (ગણેશવાલા) અને લુણી ગામે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. દર વર્ષે ગણેશ ચોથના આગલા દિવસે લુણી ખાતે ભરાતા વિશાળ મેળામાં હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. જયારે રતાડીયાના ઐતિહાસિક ગણેશ મંદિરે ગામ લોકો અને આસપાસના કુંદરોડી, બગડા, વાઘુરા, લફરા, ફાચરિયા સહિત પાંચાળાના લોકોએ પરંપરાગત રીતે લાડવાનો પ્રસાદ ગણેશદાદાને અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી. આ વર્ષે પણ પૂજન, આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભક્તિભાવ પૂર્વક ગણેશ ચોથની ઉજવણી કરવામાં આવી હતી.

# નવસારીમાં આયોજિત રામકથાના ચોથા દિવસે વિશેષ ઉપસ્થિત રહી કથા શ્રવણ કરતા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

## રામકથામાં શ્રીરામના જીવન ચરિત્ર આધારિત કથાનું શ્રવણ મનુષ્ય આત્માને અલૌકિક શાંતિ તેમજ આધાત્મિક ઉર્જાની અનુભૂતિ કરાવે છેઃ વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી





કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારીના લુન્સીકુઇ મેદાન ખાતે આયોજિત પૂ.મોરારીબાપુની રામકથાના આજે ચોથા દિવસે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ વિશેષ ઉપસ્થિત રહી પૂ.મોરારીબાપુની રામકથાનું શ્રવણ કર્યું હતું. તેમણે રામકથા મર્મજ્ઞ પૂ. મોરારીબાપુના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. રામ કથાના ચોથા દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં શ્રોતાજનો કથાશ્રવણનો લાભ લેવા ઉમટી પડ્યા હતાં. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીએ પૂ.મોરારીબાપુના પાવન હસ્તે અભિવાદન સ્વીકારી શ્રોતાઓને સંબોધતાં જણાવ્યું હતું કે, પૂ. મોરારીબાપુની કથા એટલે સત્ય, પ્રેમ અને કરૂણા. છેલ્લા ચાર દાયકાઓથી વ્યાસપીઠ પરથી રામજીવનને જન જન સુધી પહોંચાડવાની અવિરત સેવા પૂ. મોરારીબાપુના દ્વારા ધર્મ, કલા અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરવા સાથે થઈ રહી છે. આજે પૂ.મોરારીબાપુના સાનિધ્યમાં કથાશ્રવણ કરવાનું સૌભાગ્ય મળ્યું એ જીવનમાં ચેતનાની ક્ષણ બની છે. વધુમાં શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે રામકથામાં શ્રીરામના જીવનચરિત્ર આધારિત કથાના શ્રવણ થી મનુષ્ય આત્માને અલૌકિક શાંતિ તેમજ આધાત્મિક ઉર્જાની અનુભૂતિ થાય છે. સૌ ભાવિક શ્રોતાઓ માટે દિવ્ય અવસર બની રહે એવી રામભકતોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ લાલવાણી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રામકથાના સુંદર આયોજન કરી નવસારીના લોકો સુધી પૂ.મોરારીબાપુની રામનામને, આદર્શ રામ-વિચારોને જનજન સુધી પહોંચડાવાની વિશેષ લોકસેવાને બિરદાવી હતી. પૂ.મોરારીબાપુએ વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણના સંકલ્પ તથા સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરી સતત સેવાકીય કાર્ય કરવાના આશીર્વાદ આપ્યા હતા. આ અવસરે વન પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઇ આહીર, જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ, નવસારી પોલીસ



અધિક્ષક કિરણસિંહ વાઘેલા ,ભાવનગર પશ્ચિમના ધારાસભ્યશ્રી જીતુભાઇ વાઘાણી, સુરત ચોર્યાસીના ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ , નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઇ દેસાઇ, ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં શ્રોતાજનો, રામભક્તો ઉપસ્થિત રહયાં હતાં.

# અનુ સૂચિત હિત રક્ષક સંઘ દ્વારા ડો ગુલાબચંદ પટેલ નું પુષ્પ ગુચ્છ થી દેવેન્ દ્વારા સન્માન



કમલમ્ ન્યુઝ,

અનુ સૂચિત જાતિ સર્વોદય વિકાસ ટ્રસ્ટ દ્વારા અનુસુચિત જાતિ હિત રક્ષક સંઘ ૨૦૧૯ માં સ્થપાયેલ છે જેના મેનેજિંગ આદરણીય પૂર્વ સાંસદ શ્રી રતિલાલ વર્મા જી છે. આ સંઘ દ્વારા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ચ ૫ ફુવારા પાસે સ્નેહ મિલન કાર્યક્રમ વર્મા સાહેબ ઈની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ હતો, આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જેનું સંચાલન શ્રી પી. બી શ્રીમાળી સાહેબ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યુ હતું આ કાર્યક્રમ માં હિન્દી ગુજરાતી સાહિત્યકાર સામાજિક કાર્યકર શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા વક્તવ્ય આપવા માં આવ્યું હતું તેઓનું પુષ્પ ગુચ્છ થી તંત્રી આપણું સમાચાર પત્ર દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં અનુસૂચિત જાતિ ના વિવિધ પ્રકારના પ્રશ્નો વિશે ચર્ચા કરી હતી અને ઠરાવ વાંચન શ્રીમાળી પી બી દ્વારા કરવામાં આવ્યું જેને સભા એ મંજૂરી આપવામાં આવી જે સરકાર શ્રી ને સંસ્થા દ્વારા મોકલવામાં આવશે આ કાર્યક્રમમાં શ્રી કાંતિ ભાઈ પટેલ દ્વારા પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો અને અંત માં આભાર વ્યક્ત શ્રી પી કે વાલેરા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો

# મુન્દ્રામાં આરોગ્ય વિભાગ અને લોકો વચ્ચે મહત્વની કડીરૂપ ભૂમિકા ભજવનાર પ્રતિભાશાળી આશા બહેનોનું સન્માન

## રોટરી ક્લબ તરફથી ટીબીના દર્દીઓને પોષણ કીટ આપવાની જાહેરાત કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

ગુજરાતસરકારના આરોગ્ય વિભાગ અને લોકો વચ્ચે મહત્વની કડીરૂપ ભૂમિકા ભજવનાર આશા બહેનો ઘરે ઘરે ફરીને આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડતી હોય છે તેમની આ સેવાઓના કદરરૂપે દર વર્ષે શ્રેષ્ઠ કામગીરી કરનાર આશાઓનું સન્માન કરવામાં આવતું હોય છે જે અનુસંધાને તાજેતરમાં મુન્દ્રા તાલુકાના સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ષ દરમ્યાન સારી કામગીરી કરનાર પ્રતિભાશાળી આશાઓનું સન્માન કાર્યક્રમ રોટરી હોલ ખાતે યોજાઈ ગયો. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રવીન્દ્ર ફુલમાળીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા સંમેલનમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. કૈલાશપતિ પાસવાન, રોટરી ચેરીટેબલ સોસાયટીના પ્રમુખ ભુપેન મહેતા, રોટરી કલબના પ્રમુખ સુનિલ વ્યાસ, બી. એમ. ગોહિલ, હિરેન સાવલા, વિરાટ મહેતા તથા આરોગ્ય કેન્દ્રના ડોકટર્સના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ તકે શ્રેષ્ઠ કામગીરી કરનાર



પ્રતિભાશાળી આશાઓ કૈલાસબા જાડેજા (વડાલા), રેહાનાબેન માંજલીયા (મુન્દ્રા), હિરબાઈ રાણશી મહેશ્વરી (નવીનાળ), રોશનબેન અબ્બાસ સાંધ (સાડાઉ), પૂનમબેન ગુંસાઈ (રામાણીયા), મયુરીબેન શંકરભાઈહુંબલ (વાંકી) તથા કૌશલ્યાબેન હરજી આસત (નાના કપાયા)નું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન મહેન્દ્ર ગઢવીએ હાજર રહીને આશાઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજર રહેલ આશા અને આશા ફેસીલીટેટર બહેનોને વિશ્વ ટીબી દિવસ નિમિત્તે ટીબી તથા આરોગ્યને લગતા વિવિધ પોગ્રામો અંગે માહિતી આપવામાં આવી હતી. આ તબક્કે રોટરી ક્લબ તરફથી ટીબીના દર્દીઓને પોષણ કીટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલુકા હેલ્થ સુપરવાઈઝર હરિભાઈ જાટીયાએ કર્યું હતું જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ તથા ટીબી ટીમે જહેમત ઉઠાવી હતી.



કમલમ્ ન્યુઝ,

કનકપુર સેવા સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે રાયડા ખરીદી કેન્દ્રનું માર્કેટ યાર્ડ અબડાસા મધ્યે અબડાસા વિધાનસભા જનપ્રિય ધારાસભ્યશ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા નાં વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં ગુજરાત રાજ્ય કો.ઓપરેટીવ ફેડરેશનના ડાયરેકટર અને કચ્છ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી વાડીલાલભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી પુરૂષોત્તમભાઈ મારવાડા, વિરોધ પક્ષના નેતા મહાવીરસિંહ જાડેજા,લાલજીભાઈ પટેલ, પ્રવિણચંદ્ર ભાનુશાલી, તાલુકા પંચાયતના સદસ્ય જયદેવસિંહ જાડેજા, ગોવિંદભાઈ ભાનુશાલી, હર્ષદભાઈ ઠક્કર, વિક્રમસિંહ જાડેજા, મુળજીભાઈ ગઢવી, શંકરભાઈ પટેલ, દિનેશભાઈ ભાનુશાલી, સરપંચ વિવેકભાઈ ડાભી, કાનજીભાઈ ગઢવી, મહેન્દ્રભાઈ ભાનુશાલી, વિક્રમસિંહ ભાટી, ગીરીરાજસિંહ જાડેજા,પીયુશભાઈ ભાનુશાલી, સરપંચ અરવિંદભાઈ ભાનુશાલી,ગોપાલભાઈ ગઢવી,જુસબ રાયમા,દિનેશભાઈ ડાયાણી,પરશોતમભાઈ પટેલ, રતિલાલભાઈ પટેલ, આત્મારામ ચૌધરી,સતપાલ ચૌધરી, અરજણભાઈ ભાનુશાલી, રાજેશભાઈ ભાનુશાલી,ખિમજીભાઈ સીજુ સાહેબ, જગદીશભાઈ પટેલ સાહેબ સહિત વગેરે બહોળી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા અને રૂપિયા ૨૧૮૦ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી રજીસ્ટ્રેશન કરવીને ખરીદી શરૂ કરવામાં આવી છે

